ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી
(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),
"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭
ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦
E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref No. PN 2024-25/122 Dt. 26/10/2024

તંત્રીશ્રી, __________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સની રિલાયન્સ ફાઉન્ડેશન ધો. ૧૨ના વિદ્યાર્થીઓએ મુલાકાત લઈ, ધંધા-ઉદ્યોગ વિશે માહિતી મેળવી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની રિલાયન્સ ફાઉન્ડેશન ધો. ૧૨ના વિદ્યાર્થીઓએ શુક્રવાર, તા. ૨૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સવારે ૧૦:00 કલાકે મુલાકાત લીધી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ચેમ્બરની સરસાણા સ્થિત કોર્પોરેટ ઓફિસ, સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર અને સેમિનાર હોલ-એની મુલાકાત લઈ તેના વિશે માહિતી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમણે વિદ્યાર્થીઓને ચેમ્બર દ્વારા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગકારોને વૈશ્વિક સ્તરની માહિતી મળે તે હેતુથી થતું સેમિનારનું આયોજન અને ઉદ્યોગકારોને વિદેશમાં બિઝનેસ મળે તે હેતુથી આયોજિત થતાં એક્ઝિબિશન્સની જાણકારી આપી હતી. ચેમ્બર દ્વારા શરૂ કરવામાં આવેલા ટેક્સ્ટાઈલ

ઈન્ડસ્ટ્રીની સાથે આજના સમયમાં યુવાઓ માટે મહત્વના નોલેજ કોર્સીસ વિશે માહિતી આપી હતી.

ઉદ્યોગ ક્ષેત્રે આવતાં પડકારોમાં ચેમ્બર થકી સરકાર સમક્ષ કરવામાં આવતી રજૂઆતો વિશે વિસ્તૃત ચર્ચા કરાઈ હતી. વિદ્યાર્થીઓએ ધંધા અને ઉદ્યોગના પ્રશ્નો, તેની સમસ્યાઓ સમજવાનો પ્રયત્ન કર્યો હતો અને તેઓએ ચેમ્બરની મુલાકાત લઈ હર્ષની લાગણી વ્યક્ત કરી હતી.